જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૩/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૧૮/૧૯**

## મોબાઇલ જુંટવી લુંટ કરવાના ગુનાઓના ત્રણ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેરના નાઓની તથા સયુંક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૦૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૩ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "ડી" ડિવિઝન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.ડી.વાળા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ શહેરકોટડા પો.સ્ટે દાખલ થયેલ ફ.ગુર.નં-૮૫/૨૦૧૯ તથા ફ.ગુ.ર.નં-૮૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબના મોબાઇલ જુંટવી લુંટ કરવાના ગુનાઓમાં ત્રણ આરોપીઓ વિરૂધ્ધમાં મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેરનાઓએ પાસા હુકમ કરેલ હોય સદરી ત્રણેય આરોપીઓને તા-૦૩/૦૩/૨૦૧૯ ના રોજ નામદાર કોર્ટમાથી જામિન મળતા સદરી આરોપીઓ જામિન મુક્ત થતા તુર્તજ સદરી ત્રણેય આરોપીઓને પાસા હુકમ આધારે પાસા અટકાયત કરી નિચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

(૧) આરોપી આકાશસિંગ બીરેન્દ્રસિંગ રાજપુત ઉ.વ.-૧૯ રહે.મ.ન.-સી-૪૮/૮, સ્વિમિંગ પાર્ક અંબે માતાનો ચોક નોબલનગર અમદાવાદ શહેરનાને પાસા અટકાયતી હુકમ આધારે ગઇકાલ તા-૦૩/૦૩/૧૯ ના કલાક-૧૮/૦૦ વાગ્યે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે.

(૨) આરોપી સિધ્ધાર્થ ઉર્ફે લાલો અમૃતભાઇ રોહિત ઉ.વ.-૧૯ રહે.મ.ન.-૨૦/૪૭ સી-કોલોની અશોકમીલ સામે નરોડા રોડ અમદાવાદ શહેરનાને ગઇકાલ તા-૦૩/૦૩/૧૯ ના કલાક-૧૮/૨૫ વાગ્યે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે.

(૩) આરોપી મયંક ઉર્ફે રાજા નિલેશભાઇ સુથાર ઉ.વ.-૨૩ રહે.મ.ન.-૪૧, નિલમ પાર્ક સોસાયટી રાધે મોબાઇલની સામે નાના ચિલોડા અમદાવાદ શહેરનાને ગઇકાલ તા-૦૩/૦૩/૧૯ ના કલાક-૧૮/૫૫ વાગ્યે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.


**(૧)આકાશસિંગ રાજપુત**


**(૨) સિધ્ધાર્થ ઉર્ફે લાલો રોહિત**


**(૩) મયંક ઉર્ફે રાજા સુથાર**

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.